ન.લેન્ડ/૧/સી/૧૯૦૬/૨૦૦૬

કલેકટર કચેરી
જુનાગઢ જિલ્લો જુનાગઢ
તા.૨૭/૬/૨૦૦૬

વિષય :– મોજે :–સાબલપુર તા.જુનાગઢ
સર્વે ન.૫૫ પૈકી જમીન એકર–૨–૦૦ ગુઠા
કુલ ચો.મી.૮૦૯૪–૦૦ માં ઔદ્યોગિક હેતુમાંથી
શૈક્ષણિક હેતુ માટે હેતુફેર કરવા બાબત
**શ્રી પ્રેસીડેન્ટ, શ્રી જુનાગઢ કેળવણી મંડળ**

વંચાણે લીધા :– (૧) અરજદારની તા..../૨/૨૦૦૫ ની અરજી
(૨) અત્રેની કચેરીના તા. ૧૧/૨/૦૫ ના પત્ર ન.લેન્ડ/૧/સી /૧૨૮૪/૦૫ થી નાયબ કલેકટરશ્રી જુનાગઢને તપાસ અર્થે મોકલાવેલ પત્ર
(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી જુનાગઢના તા.૧૦/૪/૮૫ ના હુકમ ન.ડીપી/લેન્ડ/૧/એન.એ./સી/૩૭/૮૪–૮૫ નો બિનખેતીનો હુકમ
(૪) મામલતદારશ્રી જુનાગઢના તા.૨૧/૨/૨૦૦૫ ના પત્ર ન.લેન્ડ/સી/૯૨૪/૨૦૦૫
(૫) નાયબ કલેકટરશ્રી જુનાગઢના તા.૨૩/૨/૨૦૦૫ ના પત્ર ન.લેન્ડ/સી/૬૬૦/૨૦૦૫
(૬) આ કચેરીના તા.૨૬/૧૨/૨૦૦૫ ના પત્ર ન.લેન્ડ/૧/ સી/૭૫૪૫/૨૦૦૫
(૭) પ્રેસીડન્ટશ્રી કેળવણી મંડળ જુનાગઢની તા.૨૫/૧/૦૬ની અરજી
(૮) આ કચેરીના તા.૧૫/૨/૨૦૦૬ ના શેરાપત્ર ક્રમાંક લેન્ડ/૧/સી/૪૧૮/૨૦૦૬ થી નાયબ કલેકટરશ્રી જુનાગઢને તપાસ અર્થે મોકલાવેલ પત્ર
(૯) નાયબ કલેકટરશ્રી જુનાગઢ તા.૨૬/૪/૨૦૦૬ ના પત્ર ન.લેન્ડ/સી/૧૨૩૧/૨૦૦૬
(૧૦) આ કચેરીના સરખાક્રમાંકવાળા તા.૨૨/૬/૦૬ નો પત્ર
(૧૧) મામલતદારશ્રી જુનાગઢના તા.૨૬/૬/૦૬ ના પત્ર ન.જમીન/સી/૪૩૦૨/૨૦૦૬

---

–::હુકમ::–

જુનાગઢ જિલ્લાના જુનાગઢ તાલુકાના મોજે :–સાબલપુરના સર્વે ન.૫૫ પૈકી જમીન એકર–૨–૦૦ ગુઠા જમીન ઔદ્યોગિકના હેતુ માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી જુનાગઢના ઉપરમાં વંચાણે

લીધેલ ક્રમાંક–૩ ઉપરના તા.૧૦/૪/૮૫ ના હુકમથી બિનખેતી વૃદાવન ઈન્ડ.લી.ના નામે મંજુર થયેલ. અને વૃદાવન ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને મેમ્બર ઓફ ધ વૃદાવન ઈન્ડસ્ટ્રીઝ લી. શ્રી બળવંતભાઈ મણવર રહે. ડુમીયાણી દવારા રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર તા.૧/૨/૨૦૦૫ ના રોજ પાવર ઓફ એટર્નીથી શ્રી જુનાગઢ કેળવણી મંડળ જુનાગઢવાળાને વેચાણ આપવા નકકી કરેલ. જેના આધારે જુનાગઢ કેળવણી મંડળ જુનાગઢએ તેમના તા../૨/૨૦૦૫ ની અરજીથી સવાલવાળી જમીન ઔદ્યોગિક હેતુમાંથી શૈક્ષણિક હેતુ માટે હેતુફેર કરી આપવા માંગણી અરજી રજુ કરેલ. જેની નાયબ કલેકટરશ્રી જુનાગઢ દવારા રેકર્ડ સ્થળ આધારીત અહેવાલ મંગાવતા ઉપરમાં વંચાણે લીધેલ ક્રમાંક–૪ ઉપરના મામલતદારશ્રી જુનાગઢના તા.૨૧/૨/૨૦૦૫ ના તથા ઉપરમાં વંચાણે લીધેલ ક્રમાંક–૫ ઉપરના નાયબ કલેકટરશ્રી જુનાગઢના તા.૨૩/૨/૨૦૦૫ ના પત્રથી અન્ય ખાતા કચેરીઓના અભિપ્રાય સાથેની દરખાસ્ત અભિપ્રાય સાથે થઈ આવેલ. જે કામના કાગળોની ચકાસણી કરતા સવાલવાળી જમીન જુનાગઢ કેળવણી મંડળના નામે ન હોય તેમજ જમીનના હાલના કબજેદાર કંપનીના બોર્ડના ઠરાવ રજુ થયેલ ન હોવાથી અરજદાર સંસ્થાની માંગણી અરજી ઉપરમાં વંચાણે લીધેલ ક્રમાંક–૬ ઉપરના આ કચેરીના તા.૨૬/૧૨/૨૦૦૫ ના પત્રથી માંગણી અરજી નામંજુર કરવામાં આવેલ.

પ્રેસીડન્ટશ્રી, શ્રી કેળવણી મંડળ જુનાગઢએ ઉપરમાં વંચાણે લીધેલ ક્રમાંક–૭ ઉપરની તા.૨૫/૧/૨૦૦૬ ની અરજીથી સાબલપુર ગામના સ.ન.૫૫ પૈકી જમીન એકર–૨–૦૦ ગુઠા શ્રી વૃદાવાન ઈન્ડસ્ટ્રીઝ લી. પાસેથી વેચાણ દસ્તાવેજ ન.૩૭૯ તા.૨૧/૧/૨૦૦૬ થી ખરીદ કરતા, સવાલવાળી જમીન હેતુફેર કરી આપવા બાબતે માંગણી કરતા, આ બાબતેનો અહેવાલ ઉપરમાં વંચાણે લીધેલ ક્રમાંક–૮ ઉપરનાં તા.૧૫/૨/૨૦૦૬ ના પત્રથી નાયબ કલેકટરશ્રી જુનાગઢને અરજી પરત્વે તપાસ કરી રીપોર્ટ કરવા અરજી મોકલાવેલ ઉપરમાં વંચાણે લીધેલ ક્રમાંક–૯ ઉપરના નાયબ કલેકટરશ્રી જુનાગઢના તા.૨૬/૪/૨૦૦૬ના પત્રથી નીચે મુજબની વિગતેનો અહેવાલ થઈ આવેલ છે.

મોજે :–સાબલપુરના સર્વે ન.૫૫ પૈકી જમીન એકર–૨–૦૦ ગુઠા જમીન ઔદ્યોગિકના હેતુ માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી જુનાગઢના ઉપરમાં વંચાણે લીધેલ ક્રમાંક–૩ ઉપરના તા.૧૦/૪/૮૫ ના હુકમથી બિનખેતી વૃદાવન ઈન્ડ.લી.ના નામે મંજુર થયેલ.

મોજે : સાબલપુરના સર્વે ન.૫૫ પૈકી જમીન એકર–૨–૦૦ ગુઠા (ચો.મી.૮૦૯૪–૦૦) વૃદાવન ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી પાસેથી વેચાણ દસ્તાવેજ ન.૩૭૯ તા.૨૧/૧/૨૦૦૬ થી જુનાગઢ કેળવણી મંડળ જુનાગઢ એ ખરીદ કરેલ જેની ગામ દફતરે નોંધ ન.૧૩૩૪ તા.૨૫/૧/૨૦૦૬ ના રોજ નોંધાતા તા.૧૩/૩/૨૦૦૬ ના રોજ પ્રમાણીત થયેલ છે. તેમજ કબજેદાર કંપનીના બોર્ડના તા.૧૬/૧/૨૦૦૬ ના ઠરાવની નકલ રજુ કરેલ છે.

શ્રી નાયબ કમિશ્નર સાહેબ મહાનગરપાલિકા જુનાગઢ દ્વારા તેઓના તા.૧૯/૯/૨૦૦૫ ના પત્ર ક્રમાંક/એન્જી.જા.ન.૧૩૩૧ થી સવાલવાળી જમીન ઔદ્યોગિક હેતુમાંથી શૈક્ષણિક હેતુ માટે હેતુફેર કરવા અભિપ્રાય આપેલ છે. તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી જિલ્લા પંચાયત જુનાગઢએ તા.૧૭/૨/૦૫ ના પત્ર ક્રમાંક/જપ/આરોગ્ય/ડ–૧/સાઈટ–સીલે/૨૩/૦૫ થી હેતુફેર કરવા અભિપ્રાય આપેલ છે. તેમજ નગર નિયોજકશ્રી જુનાગઢના તા.૩/૨/૨૦૦૫ ના પત્ર ન.ડેવ/સાબલપુર/જુનાગઢ/૩૧૩ ની વિગતેની ૧ થી ૧૧ શરતો મુજબ શૈક્ષણિક હેતુ માટેનો લે–આઉટ પ્લાન મંજુર કરેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ જુનાગઢના તા.૧૮/૨/૨૦૦૫ ના પત્ર ન.સીબી/જનરલ/૧૬૨ થી સવાલવાળી જમીન હેતુફેર કરવા અભિપ્રાય આપેલ છે. તેમજ ડીવીઝનલ રેલ્વે મેનેજરશ્રી (વર્કસ) ભાવનગર પરાના તા.૩/૨/૦૫ ના પત્ર ક્રમાંક/ડબલ્યુ/૩૪૨/૧૨ ની વિગતે બિનખેતીના હેતુ માટે રેલ્વે લાઈનની બાઉન્ડ્રીથી ૩૦ મીટર છોડી બાદ બાંધકામ કરવામાં આવતુ હોય તેવા કિસ્સામાં મંજુરી મેળવવાની જરૂરી નથી. તેમજ જણાવી

સવાલવાળી જમીનથી રેલ્વે લાઈનની બાઉન્ડ્રીથી ૩૦ મીટર જગ્યા છોડેલ હોય જેથી તેઓની મંજુરી મેળવવાની થતી નથી.

ઉપરોકત વિગતો તેમજ રજુ થયેલ આધારો ધ્યાને લેતા અરજદારોની માંગણી મુજબ સવાલવાળી સાબલપુર ગામના સ.નં.૫૫ પૈકી જમીન એકર–૨–૦૦ ગુઠા ઔદ્યોગિક હેતુ માટે બિનખેતી થયેલ જમીનનો શૈક્ષણિક હેતુ માટે હેતુફેર કરવા પરવાનગી આપવા નાયબ કલેકટરશ્રી જુનાગઢના તા.૨૬/૪/૨૦૦૬ ના અભિપ્રાયની વિગતે તથા સંબંધિત કચેરીઓ તરફથી રજુ થયેલ અભિપ્રાયોની વિગતે હરકત સરખુ જણાતુ ન હોય જેથી વંચાણે લીધેલ ક્રમાંક–૧૦ ઉપરના આ કચેરીના તા.૨૨/૬/૨૦૦૬ ના પત્રથી સવાલવાળી જમીન ચોં.મી.–૮૦૯૪–૦૦ શૈક્ષણિકના હેતુ માટે પ્રતિ ચો.મી.ના રૂા.૧૦/– લેખે બિનખેતી રૂપાંતર કર રૂા.૮૦૯૪૦/– થાય છે જે સામે અગાઉ ઔદ્યોગિક હેતુ વિષયક પ્રતિ ચો.મી.ના રૂા.૦.૫૦ પૈસા લેખે રૂપાંતર કર રૂા.૪૦૪૭–૦૦ ભરેલ છે જે બાદ આપી તફાવતની રકમ રૂા.૭૬,૮૯૩/– અંકે રૂપિયા છોંતેર હજાર આઠસો ત્રાણુ પુરા સરકારશ્રીમાં ભરપાઈ કરી મામલતદારશ્રી જુનાગઢ મારફતે રકમ ભરપાઈ થવાનો આધાર રજુ કરવા અરજદારને જણાવતા ચલણ નંબર–૩૭૧૫૮૬ તા.૨૩/૩/૨૦૦૬ ના રોજ રૂપાંતર કરની રકમ રૂા.૭૬,૮૯૩/– અંકે રૂપિયા છોંતેર હજાર આઠસો ત્રાણુ પુરા સરકારશ્રીમાં ભરપાઈ કર્યાનો સંદર્ભ–૧૧ ઉપરના તા.૨૬/૬/૨૦૦૬ ના મામલતદારશ્રી જુનાગઢએ રીપોર્ટ મોકલેલ છે.

સબબ મોજે :–સાબલપુરના સર્વે નં.૫૫ પૈકી જમીન એકર–૨–૦૦ ગુઠા ઔદ્યોગિક હેતુ માટે બિનખેતી થયેલ જમીન શૈક્ષણિક હેતુ માટે હેતુફેર કરવાની પ્રેસીડેન્ટશ્રી, જુનાગઢ કેળવણી મંડળ જુનાગઢને ઉપરશ્રી વંચાણે લીધેલ ક્રમાંક–૩ ઉપરના તા.૧૦/૪/૮૫ ના જિલ્લા વિકાસ અધિકારીશ્રી જુનાગઢના હુકમ સાથેની સ્પષ્ટ શરતોને આધિન તથા પ્રતિ વર્ષ નિયમિત રીતે બિનખેતી દર ભરપાઈ કરવાની શરતે જમીન મહેસુલ અધિનિયમની કલમ–૬૫(૧) તળે ઔદ્યોગિકના હેતુમાંથી શૈક્ષણિક હેતુ માટે હેતુફેર કરવા પરવાનગી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

ગામ /તાલુકા દફતરે આ હુકમની નોંધ કરવી.

રવાના કર્યુ:–

સહી:–બિપીન શ્રીમાળી
કલેકટર
જુનાગઢ જિલ્લો, જુનાગઢ.

ચિટનીશ ટુ કલેકટર, જુનાગઢ.

નકલ રવાના :–

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી જુનાગઢ
(૨) નાયબ કલેકટરશ્રી, જુનાગઢ
(૩) મામલતદારશ્રી જુનાગઢ ..........કામના કાગળો સાથે (પ્લાનની નકલ સાથે)
(૪) નગર નિયોજકશ્રી, જુનાગઢ ( (પ્લાનની નકલ સાથે)

નકલ :–

તલાટી કમ મંત્રીશ્રી સાબલપુર તા.જુનાગઢ (પ્લાનની નકલ સાથે)

પ્રતિ,
પ્રેસીડન્ટશ્રી,
જુનાગઢ કેળવણી મંડળ
૧૫–બંસીધર સોસાયટી, બસ સ્ટેન્ડ પાછળ, ગિરીરાજ સોસાયટી પાસે,–જુનાગઢ

HETUFER